




**રાત્રી કરફ્યુ : શહેરમાં કોરોનાના કેસે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા બુધવારની રાતથી રાત્રી કરફ્યુ લદાયો છે. ભારે ભીડથી ધમધમતા વિસ્તારો કેવા સૂમસામ ભાસે છે તેની તસવીરી ઝલક... કોરોનાના સ્વરૉપના દર્શન કરાવે છે. ૩૦મી સુધી રોજ રાત્રે ૮ થી સવારના ૬ સુધી કરફ્યુ રહેતા શહેરના જનજીવન અને વેપાર ઉદ્યોગને ભારે અસર ઉભી થશે. ખાણી-પીણી બજારો માટે તો કોરોના વિલન બનીને ઊભો છે. સાથો સાથ ગણતરીના દિવસોમાં યોજનાર ચૂંટણી માટે પણ કોરોના આડી દિવાલ બની જશે. આમ, આખું ગાંધીનગર કોરોનાના ભરડામાં ભીસાયું છે.**

# ગાંધીનગરમાં કોરોના બેફામ : ૭૯ કેસ

## ગાંધીનગર ગ્રામ્યમાં ૨૨, કલોલમાં ૧૧, માણસામાં ૫, દહેગામમાં ૧ કેસ : ગ્રામ્યમાં ૧૦ મહિલા અને શહેરમાં ૧૮ મહિલા દર્દીઓ નોંધાઈ : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૩૦ અને સે. ૧૬ માં ૪-૪ કેસ, સે. ૨૨, ૨૬, ૩, બોરીજ અને સે. ૧૫ માંથી ૩-૩ કેસ, સે. ૨૧, ૨, ૧૭, સે. ૧૪, સે. ૬ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૪, ૨૦, ૧૯ અને સે. ૨૫ માંથી પણ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં દિવસે દિવસે કોરોના તેનુ રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો હોવાથી તંત્ર પણ સ્તબ્ધ બની ગયુ છે. જિલ્લામાં છેલ્લા વીસ દિવસમાં ચેપરેટ પણ ઝડપથી વધી રહ્યો છે જેને લઈ તંત્ર પણ ચિંતામાં ગરકાવ થઈ ગયુ છે.

ટેસ્ટીંગ, ટ્રેસીંગ અને ટ્રેકિંગની રણનીતિ પર આગળ વધી રહેલા તંત્રએ આજે આખો દિવસ વધુ ને વધુ ખાનગી હોસ્પિટલોમાં બેડની વ્યવસ્થા ઉભી કરવા માટે કવાયત હાથ ધરી છે. સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલો હાલ લગભગ સંપૂર્ણ ભરાઈ જવા પામી છે. હોસ્પિટલાઈઝેશન દર ઓછો હોવાની વાતને લઈ તંત્ર હાલ ચુપકીદી સેવી રહ્યુ છે.

જિલ્લામાં આજે એક જ દિવસમાં ૭૯ કેસ નોંધાયા છે અને તંત્ર સ્તબ્ધ બની ગયુ છે. જિલ્લામાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે કારણ કે પરિવારોના પરિવારો સંક્રમિત થઈ રહ્યા છે. આજે શહેરમાં ૪૦ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૩૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હોવાનું જિલ્લાતંત્રએ કહ્યુ છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર ગ્રામ્યમાં ૨૨, કલોલમાં ૧૧, દહેગામમાંથી ૧ અને માણસામાં આજે ૫ કેસ મળી આવ્યા છે. કલોલ અને માણસામાં જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

ખેડૂતો, કર્મયોગી અને વિદ્યાર્થીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેનાથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

ગાંધીનગર તાલુકામાં પેથાપુરમાંથી બે કેસ, ઝુંડાલમાંથી ૩ કેસ, અડાલજમાંથી પાંચ કેસ, ઉપરાંત ખોરજ, અદાણી શાંતિગ્રામ, વાસણા રાઠોડ, કાનપુર, રાંધેજા, રૂપાલ, રાયસણ, છાલા, રાંદેસણ, સરગાસણ, લેકાવાડામાંથી કેસો મળ્યા છે.

કલોલમાં અર્બન-૨ વિસ્તારમાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. અર્બન-૧માંથી બે કેસ, આમજા, ડિંગુચા, મુબારકપુરમાંથી એક-એક કેસ તેમજ લીંબોદ્રામાંથી ૨ કેસ મળી આવેલ છે. કલોલ શહેરમાંથી આજે ૬ કેસ મળી આવતાં તંત્રએ સઘન સર્વેલન્સ માટેના આદેશો જારી કર્યા છે.

માણસા તાલુકામાંથી આજે ૫ કેસ મળી આવેલ છે. જેમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તાલુકામાં આજે અર્બન વિસ્તારમાંથી ૪ અને ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. માણસા તાલુકાના લોદરા ગામેથી એક, અને માણસા અર્બનમાંથી ૪ કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૪૮૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૨૨૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૩૨૬૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસમાં ૪૦ કેસ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આખો દિવસ સેક્ટરોમાં એમ્બ્યુલન્સ દોડતી જોવા મળી હતી. જો કે મનપા તંત્રના જણાવ્યા પ્રમાણે આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૮ મહિલા દર્દીઓ નોંધાયા છે. આજે પણ મોટીવયના દર્દીઓની સંખ્યા નોંધપાત્ર છે.

● અનુસંધાન પાના - ૭ પર

### કલેક્ટર ઓફિસમાં વધુ ૬ કર્મયોગીઓ સંક્રમિત થયા

ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં આજે રેપીડ એન્ટીજન ટેસ્ટનો ખાસ કેમ્પ કરવામાં આવ્યો હતો. આજે ૧૦૦થી વધુ કર્મયોગીઓના કરાયેલા ટેસ્ટમાં ૬ નો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે જન સેવામાં ફરજ બજાવતા એક કર્મચારીનું કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે.

ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં છેલ્લા ૩ દિવસમાં જ ૧૮ જેટલા કેસો કોરોનાના મળી આવ્યા છે.

### મનપા દ્વારા યુથ હોસ્ટેલ અને એન. આઈ. સી.એચ. ખાતે કેર સેન્ટર ઉભા કરાશે

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્ટાફ ટ્રેનીંગ કોલેજ બાદ યુથ હોસ્ટેલ અને એન.આઈ.સી.એચ.માં પણ કોવિડ કેર સેન્ટર ઉભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મનપાની ટીમે આ બન્ને સ્થાનોની મુલાકાત લઈ લીધી છે. આ બન્ને સ્થાનો પર ૫૦-૫૦ બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. મનપા દ્વારા હજુ પણ કોવિડ કેર સેન્ટર બનાવવા માટે વિવિધ સ્થાનોની ચકાસણી હાલ ચાલી રહી હોવાનુ જાણવા મળેલ છે.

# ગાંધીનગરમાં મોતનું તાંડવ, ૨૨ના અંતિમ સંસ્કાર

## શહેરની ખાનગી અને સિવિલ હોસ્પિટલના મળીને કુલ ૨૨ કોરોનાના દર્દીઓ મૃત્યુ પામતા હાહાકાર : મુક્તિધામ અને રુદ્ર ભૂમિમાં આખો દિવસ મૃતદેહોની કતાર લાગી સવારે ૫ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં કોરોનાના ૨૨ મૃતકોના અંતિમ સંસ્કાર કરાયા

રાજયના પાટનગરમાં કોરોનાએ વિકરાળ સ્વરુપ ધારણ કર્યુ છે. કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો દિવસે ને દિવસે ઉંચે જઈ રહ્યો છે. પાટનગરમાં કોરોનાની સ્થિતિ બદતર બનતી જાય છે. કોરોના દર્દીઓની સાથે મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલ દર્દીઓથી હાઉસફુલ થઈ ગઈ છે. ત્યારે બિનસત્તાવાર આંકડા પર નજર કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં સિવિલમાં કોરોના પોઝીટીવ ૨૨ દર્દીઓના મૃત્યુ થતા હોસ્પિટલમાં મોતનું તાંડવ ખેલાયુ હોય તેમ લાગી રહ્યું છે.

સમગ્ર રાજયમાં કોરોનાની બીજી લ્હેર ઝોખમી સાબિત થઈ રહી છે. નાની વયના બાળકો પણ કોરોનાના ચેપ થી બચી શક્યા નથી. કોરાના સંક્રમણ દિવસે ને દિવસે વધતુ જાય છે. કોરોના સંક્રમણ દર્દીઓ રોકેટ ગતિએ વધી રહ્યા છે. ત્યારે કોવીડને કાબુમાં કરવા માટે આરોગ્ય તંત્ર મથામણ કરી રહ્યું છે. કોરોનાને કાબુમાં કરવા હાલ પોલીસ પણ મેદાને ઉતરી છે. સોશ્યલ ડિસ્ટન્સ, મોંઢા પર માસ્ક અને વારંવાર હાથ ધોવા સહિતની તકેદારી લેવા જણાવવામાં આવે છે. નાગીરકોને કામ સિવાય ઘરની બહાર ન નીકળવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા કોરોનાને કાબુમાં કરવા માટે સાંજના ૮ થી સવારના ૬ વાગ્યા સુધી ૨૦ શહેરમાં કર્ફ્યુ લગાવી દેવાયો છે. ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરની કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ભરાઈ ગઈ છે. સિવિલમાં ૪૧૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાંથી ૧૬૦ થી વધુ દર્દીઓ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટરના સહારે છે. જયારે કોરોનાના કેસની સાથે સાથે દર્દીઓનો મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. શહેરના મુકિતધામ અને સિવિલ હોસ્પિટલમાંથી મળતા મૃત્યુના આંકડામાં પણ ભારે તફાવત જોવા મળી રહ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગતરોજ સાંજના ૬ થી બુધવારના ૬ વાગ્યા સુધી ૨૨ દર્દીઓના મૃત્યુ થયાનું સામે આવ્યું છે. આ આંકડો બિનસત્તાવાર છે. જેમાં સરગાસણ રૂદ્રભુમિ અંતિમધામ ખાતે ૧૧ અને ૧૧ મુકિતધામ સેકટર-૩૦ ખાતે કોરોના મૃતકોની અંતિમવિધી કરાઈ હતી. શહેરના સરગાસણ અને મુકિતધામ ખાતે પણ મૃતકોની અંતિમવિધી માટે પણ લાઈન લાગવાની શરુઆત થઈ ગઈ છે.

### ગાંધીનગર સિવિલમાં કોરોનાના દર્દીઓનો આંક ૪૦૦ને પાર

#### ૧૬૦ દર્દીઓ ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર સારવાર હેઠળ

સમગ્ર રાજયમાં કોરોનાએ આંતક મચાવ્યો છે. કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે. રાજયમાં કોરોના પોઝીટીવના ૩૫૭૫ કેસ નોંધાયા છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોનાની સ્થિતિ ચિંતા ઉપજાવે તેવી છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૭૯ કેસ નોંધાયા છે. જૈ પૈકી શહેરી વિસ્તારના ૪૦ કેસ છે. કોરોના કેસમાં ઉછાળો આવતા શહેરની હોસ્પિટલમાં પણ દર્દીઓથી ભરાઈ ગઈ છે. સિવિલમાં ૪૧૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે ૧૬૦ દર્દીઓ ઓકિસજન અને બાયપેપ તેમજ વેન્ટીલેટરના સહારે છે.જયારે શહેરની હોસ્પિટલમાં પ્રથમ અને બીજો માળે પણ દર્દીઓથી ભરાઈ જવા આવ્યો છે. ત્યારે હવે સિવિલ તંત્ર દ્વારા પણ નવા બેડની સંખ્યા ઉભી કરવા મથામણ કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લા કલેકટર અને કમિશનરને પણ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને સિવિલના સત્તાધિશોને જરુરી સુચનો કર્યા હતા.

### ગાંધીનગર સિવિલમાં વધુ ૨૦ વેન્ટીલેટરની માંગણી કરાઈ

#### ગાંધીનગર સિવિલમાં વધુ ૧૦૦ બેડ અને ખાનગી હોસ્પિટલોમાં વધુ ૧૦૦ બેડ ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વધુ ૧૦૦ બેડ અને ગાંધીનગર શહેરની આસપાસની ખાનગી હોસ્પિટલોમાં વધુ ૧૦૦ બેડ ઉભી કરવાનો નિર્ણય આજે લેવામાં આવ્યો છે.

કોવિડ માટે નિમાયેલ પ્રભારી સુશ્રી સુનયના તોમરની અધ્યક્ષતામાં જિલ્લાની એક ખાસ બેઠક યોજવામાં આવી હતી જેમાં જિલ્લાની કોરોનાની સ્થિતિ અંગે સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે ૩૫૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. હાલ હોસ્પિટલની ક્ષમતા પૂર્ણ થવા આવી છે ત્યારે વધુ ૧૦૦ બેડ ઉભી કરવાની સૂચના પ્રભારી સચિવે આપી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નાજુક તબિયત ધરાવતા દર્દીઓ વધી રહ્યા હોવાથી સરકારમાંથી તાત્કાલિક વેન્ટીલેટરની વ્યવસ્થા કરવા માટેની જરૂરિયાતને લઈ કાલે ઉચ્ચસ્તરીય બેઠકમાં રજુઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુ ૨૦ જેટલા વેન્ટીલેટરની માંગણી સિવિલ સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આજની આ બેઠકમાં જિલ્લાની ખાનગી હોસ્પિટલોને ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કરવા માટેના જરૂરી એમ.ઓ.યુ. આજે મોડી રાત સુધીમાં પૂર્ણ કરવા તેમજ વધારાની ૧૦૦ બેડ આ હોસ્પિટલોમાં ઉપલબ્ધ થાય તે જોવા કડક તાકીદ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારોમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ કેવી રીતે કરવામાં આવી રહ્યુ છે તેને લઈ પણ પ્રભારી સચિવે વિગતો માંગી હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં રેમિડસિવિર ઈન્જેક્શન તેમજ ઓક્સીજનની સ્થિતિ અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. ટેસ્ટીંગની ચાલતી કામગીરી તેમજ ટ્રેસીંગની કામગીરીને લઈ પણ તેમણે સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં તેમણે નાઈટ કરફ્યુ, સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી, હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અને માસ્ક ન પહેરનાર સામે દંડનીય કાર્યવાહીને અસરકારક બનાવવા પર પણ ભાર મુક્યો હતો. જિલ્લામાં વધતા જતા સંક્રમણ અંગે પણ તેમણે સમીક્ષા કરી હતી.


**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**
**Ramkrishna Paramhans Education Complex, Nr. Mahatma Mandir**
'KH' 5, Sector - 15, Gandhinagar. Phone : 079-23243733.

**કેન્ટીન સુવિધા પુરી પાડવા બાબત**

આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગરના મુખ્ય સંકુલ ખાતે કેન્ટીન સુવિધા પૂરી પાડવા માટે ઈજારદારોને આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની વિગત તેમજ દસ્તાવેજો મોકલવા અંગેની વિગતો આઈ.આઈ.ટી.ઈ.ની વેબ સાઈટ www.iite.ac.in પરથી download માંથી મેળવવાના રહેશે. ભરેલા દસ્તાવેજો તા. ૨૨-૪-૨૦૨૧ સુધીમાં ભરીને પહોંચાડવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર — કુલસચિવ
તા. ૭-૪-૨૦૨૧ — આઈ.ઈ.ટી.આઈ.



**FIGHT CORONA** M. 90998 72551

**સેનેટાઈઝ સર્વિસ**

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.



**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.**
રજિ. ઓફિસ-પ્લોટ નં. - ૩૯૧, ઘ - ૪॥, સેક્ટર - ૧૬, ગાંધીનગર
ફોન નં.૨૩૨ ૪૭૨૧૫/૧૬, ૨૧૯૮૫, વોટસઅપ નં.97277 33100, વેબસાઈટ – www.gncb.co.in

**મતદાર યાદીની પ્રસિદ્ધિ બાબત**

આથી બેંકના સભાસદશ્રીઓને જણાવવાનું કે, નિયમોનુસારના બેંકના ચૂંટણી કાર્યક્રમ માટે બેંકના પેટા કાયદા મુજબ તા.૩૧/૦૩/૨૦૨૦ના આખરે બેંકના ચોપડે રહેલ સભાસદો કે જેઓ આગામી ચૂંટણીમાં મત આપવાનો અધિકાર ધરાવે છે તેઓની આખરી યાદી બેંકની હેડ ઓફિસ ખાતે રાખવામાં આવેલ છે.આથી જે સભાસદોશ્રીઓને પોતાનું નામ, સરનામુ તેમજ વિગેરે વિગતોની ચકાસણી કરવી હોય તો ૧૫ દિવસની અંદર સવારે ૧૦.૦૦ થી બપોરે ૦૨.૦૦ વાગ્યા દરમ્યાન બેંકની હેડ ઓફિસ ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

સહી/-
વિપુલ આર. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર

તા.૦૭/૦૪/૨૦૨૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com